016


# GUJMIN INDUSTRY ASSOCIATION

ESTD. 1962

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org


નં. ગુજમીન/માઇનિંગ ઇસ્યુ/૨૦૨૪/૫૨ તા. ૨૬-૦૬-૨૦૨૪

પ્રતિ

અધિક મુખ્ય સચિવશ્રી,

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

બ્લોક નં.૫/૩ સચિવાલય,

ગાંધીનગર

**વિષય: સક્ષમ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવતા દંડના હુકમ સામે કરવામાં આવતી અપીલ/રિવિજન અરજી સાથે દંડથી રકમના 2% રકમ ભરપાઈ થયા બાદ જ અરજી દાખલ કરવાની જોગવાઈ રદ કરવા અંગે:**

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે.

<u>પ્રશ્નની વિગત:</u>

ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો: ૨૦૧૭ અને સુધારેલ નિયમો: ૨૦૧૯ ના નિયમ: ૧૮ માં સક્ષમ અધિકારી દ્વારા કરવામાં આવેલ દંડના હુકમ સામે કરવામાં આવતી અપીલ/રિવીઝન અરજી સાથે દંડની રકમના ૨ ટકા રકમ ભરપાઈ થયા બાદ જ દાખલ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.દંડના હુકમ સામે અસંતોષ થતાં ન્યાય મેળવવા અપીલ/રીવિઝન કરવાની બાબત ઉપસ્થિત થાય છે. જે પ્રથમથી દંડની રકમ ભરાવવામાં આવે તે કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરુદ્ધ ગણાય. જે દંડનો હુકમ એમ.એમ.(ડી.આર.) એક્ટ ૧૯૫૭ ની કલમ: ૨૧(૫) હેઠળ કરવામાં આવેલ હોય અને રીવીજન અરજી કેન્દ્ર સરકારશ્રીમાં કરવામાં આવેતો આવી કોઈ રકમ ભરવાપાત્ર થતી નથી. જેથી આ

ESTD. 1962

નિયમોની જોગવાઈ પણ એક્ટની જોગવાઈ અનુરૂપ કરવા દંડની રકમ ભરવાની જોગવાઈ નાબુદ કરવી જરૂરી છે. જેથી અપીલ/રીવિઝન કર્તાને ન્યાય મેળવાનો હક્ક મળી રહે.

**અમારૂં સુચન:**

એમ.એમ.(ડી.આર.) એક્ટ: ૧૯૫૭ અને એમ.સી.આર. ૨૦૧૬ હેઠળ કેન્દ્ર સરકારશ્રી સમક્ષ અપીલ/રિવીઝન કરવામાં આવે છે તેમાં આવી કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. જેથી ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, વહ્ન અને સંગ્રહ નિવારણ) નિયમો: ૨૦૧૭ ના નિયમ: ૧૮ હેઠળ કરવામાં આવેલ અપીલ/રિવીઝન અરજી સાથે દંડની રકમના ૨ ટકા રકમ ભરપાઈ થયા બાદ જ દાખલ કરવાની જોગવાઈનાબુદ કરવા વિનંતી.

ઉપરોક્ત રજૂઆત અંગે ઘટતું થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન વતી

સી.એમ.ત્રીવેદી

પ્રમુખ

નકલ રવાના:

કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું,ગાંધીનગર તરફ ઘટતું કરવા વિનંતી.